## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તન અને મન તારી પાસે હોય છે,
એટલું ધન તારી પાસે હોય છે.
છે વગર દોરી ? અને જંજીરનું,
એક બંધન તારી પાસે હોય છે.
પ્રેમ છે યાને કે કેવળ પ્રેમ છે,
ને પ્રયોજન તારી પાસે હોય છે.
જઈ શકું છું હું સમાધિમાં તરત,
એ તપોવન તારી પાસે હોય છે.

- ભરત વિંઝુડા

### પાથેય

- રમેશ ઠક્કર

## પ્રેમનું પ્લેટફોર્મ...

આપણા વૈભવમાં શું હોવું જોઈએ? એવો કોઈ પ્રશ્ન કરે તો મોટાભાગના લોકોનો જવાબ એકસરખો જ આવે..ધન દોલત કિર્તી કે નામના આ બધા સર્વ સામાન્ય માપદંડ હોય છે આપણા ઉમંગના..અને એવી પ્રાપ્તિમાં જ આપણે છલકાઈ જતા હોઈએ છીએ..આપણે એ ભૂલી જોઈએ છીએ કે ખરેખર આપણી પાસે કેવી અજાયબ સંપત્તિ હોય છે..હમણાં કોરોનાનો જે સમય આપણે પસાર કર્યો એમાં આપણે એ જોઈ લીધું કે આપણી આ દુન્યવી દોલત કેટલી અસરકારક હોય છે..માણસને શાની જરૂર હોય છે ? જીવવા માટે સોનું ચાંદી કે નગદ નોટો નહીં ઓક્સિજનનો અવિરત પ્રવાહ જરૂરી હોય છે..મફતમાં મળી જતો પ્રાણવાયુ કેટલો કિંમતી હોય છે એવો સાક્ષાત્કાર આપણે કરી લીધો..મકકમ મન અને પ્રબળ ઈચ્છાશક્તિ આ બધાની સામે કારગત નીવડી છે..આપણી ભીતર આ બધું સહજ પડેલું હોય છે એનો આપણને અંદાજ પણ નથી હોતો..માણસ ઉછીનાં નાણાં કોઈકની પાસેથી મેળવી શકે પણ ઉછીના શ્વાસ કદી ના મળી શકે !

આપણી આસપાસ એક અજાયબ તંતુ હોય છે.જે આપણને એકમેકથી જોડી રાખે છે..કેટલાંક બંધન એ ફકત આપણને જકડી જ રાખે એવાં નથી હોતાં..ઘણીવાર તો બંધન એ જ મુકિત માટેનો રસ્તો બની જાય છે...જગતની આવી સુક્ષ્મ વાતો સામાન્ય રીતે આપણે જોઈ શકતા નથી.કોઈ કવિ કે કોઈ વિચારક જ્યારે આપણને આવી અજાયબીથી અવગત કરાવે છે ત્યારે આપણી અંદર એક નવો ઉઘાડ થઈ જતો રહે છે..મારો હાથ ઝાલીને લઈ જશે મુજ શત્રુઓ જ સ્વજન સુધી એમ કહેવામાં આપણે દેખીતી રીતે જેને અડચણરૂપ માનતા હોઈએ એ અવરોધોવજ આપણને છેવટે તો કોઈ મુકામ સુધી લઈ જતા હોય છે એવા ભાવનું આલેખન છે..

આપણી ભીતર કેટકેટલું ભરેલું પડયું હોય છે..જગતની સર્વ કડીઓમાં સ્નેહની કડી સૌથી વડી હોય છે...આપણા હદયતળમાં સ્નેહનું ખળખળ ઝરણું સદૈવ વહેતું હોય છે..આપણે એમાં ડૂબકી મારી શકતા નથી..ક્યારેય એનો અનુભવ કરતા નથી. સ્નેહની સરવાણીઓ ક્યારેય સુકાઈ જતી નથી બસ એ ધરબાઈ જતી હોય છે..પ્રેમ અને બસ પ્રેમ ચોતરફ છવાયેલો હોય છે. આપણે એને વ્યકત થવા માટેનું પ્રયોજન શોધવું પડે છે..પ્રેમ માટે પ્રયોજનથી વધીને બીજું કોઈ પ્લેટફોર્મ હોતું નથી..એ પ્લેટફોર્મ ઉપર સ્નેહની ગાડી સહજ ગતિ પકડી લેતી હોય છે...આપણે એને ઉર્મિની એકાદ સિસોટીથી આવકારવાની હોય છે..

એક તાલાવેલી એ સ્નેહ માટેની પાયાની શરત હોય છે..એની પ્યાસ માણસને તલ્લીનતા તરફ દોરી જાય છે..એ એક ગૂઢ અનુભૂતિ બની રહે છે...એવા કોઈ રહસ્યને પામવા સમાધી લગાવવી પડે

અનુસંધાન પાના નં. ૭ પર

# રાષ્ટ્રપતિ પદ માટે ગૌરવશાળી પ્રતિભા

તંત્રીસ્થાનેથી...

સીધેસીધું બ્રિટિશ વ્યવસ્થાનું અનુકરણ કરીને આપણા રાજનેતાઓએ જે વહીવટી માળખું સ્વીકારી લીધું એમાં બ્રિટીશ રાજવી જેવી સમ્માનભરી પદવીનુંન નામ 'રાષ્ટ્રપતિ' રાખ્યું. જો કે અમેરિકા સહિત અનેક બીજાં રાષ્ટ્રોના વડાઓ પણ રાષ્ટ્રપતિ જ કહેવાય છે પણ એમની પાસે તો સત્તાનાં તમામ સૂત્રો ઉપલબ્ધ રહે છે. આપણા રાષ્ટ્રપતિ બ્રિટિશ રાજવીની જેમ દાંત અને નખ વગરના સિંહ જેવા બની રહે છે. કારણ કે સત્તા તો સંસદ પાસે અને બહુમતીથી સંસદે ચૂંટેલા વડાપ્રધાન પાસે રહે છે. તેમ છતાં આ બંધારણીય વડાનું પદ ઓછા મહત્ત્વનું નથી. એને શાંતિના સમયગાળામાં તો ભવ્ય રાષ્ટ્રપતિ ભવનની સુવિધાઓ વચ્ચે એશોઆરામ ફરમાવવાનો હોય છે. મંત્રી મંડળને શપથ અપાવ્યા પછી એમની પાસે ફક્ત સંસદ સત્રના ઉદ્ઘાટનની જવાબદારી રહે છે. એમના 'વરદ' હસ્તે વિવિધ યોજનાઓ ખુલ્લી મુકાય છે અને દુનિયાભરમાં એ દેશનાં બધાંરણીય વડા તરીકે મન ફાવે ત્યારે હરિફરી શકે છે. એમની પાસે સંસદમાં રજૂ થયેલા અને પસાર થઈ ગયેલા ખરડા છેલ્લી મહોર લગાવવા પૂરતા મોકલી અપાય છે, જે એમના વિશેષ અધિકારની રૂએ એકાદ-બે વખત પાછા મોકલી શકે છે. વળી છવ્વીસમી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વ પણ એમના વડપણ હેઠળ યોજાય છે. તેઓ ત્રણે સેના-પાંખોના સર્વોચ્ચ વડા હોઈ એમને સલામી આપતી ભવ્ય પરેડ પણ રાજપથ પર યોજાય છે . આમ માન-અકરામની રૂએ તેઓ સરકારના સર્વોચ્ચ વડા જરૂર ગણાય છે પણ બંધારણે એમને મર્યાદિત અધિકારો આપીને શોભાનું પૂતળું બનાવી દીધા છે. જે કોઈ નિર્ણય સરકાર દ્વારા લેવયા છે તે રાષ્ટ્રપતિએ લીધેલો નિર્ણય ગણાય છે. પણ વાસ્તવિતા એ છે કે કોઈ પણ નિર્ણય એમને મંત્રીમંડળની સલાહ મુજબ જ લેવાનો હોય છે. આમ સ્વતંત્ર રીતે રાષ્ટ્રપતિ એમની મરજી મુજબ વર્તી શકતા નથી. અલબત્ત, એમની પાસે કટોકટી વખતે ઘણા વિશેષાધિકારો હોય છે. અરાજકતા કે અંધાધૂંધી વખતે તેઓ કેન્દ્ર સરકારને અને સંસદને બરતરફ પણ કરી શકે છે. પરંતુ ચૂંટયેલા સાંસદો જ છેલ્લે તો લોકશાહી ઢબે નવી સરકાર બનાવે છે. વર્તમાન રાષ્ટ્રપતિ કોવિંદનો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. સર્વ વિદિત છે કે કોવિંદને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ભાજપ અને એના નેતૃત્વ હેઠળની એનડીએ દ્વારા રજૂ કરાયા ત્યારે દેશના સામાન્ય મતદાતાઓ પૈકી મોટા ભાગના લોકો એમના નામથી અજાણ હતા. પ્રતિભાવંત રાષ્ટ્રપતિઓમાં આપણને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, ડૉ. ઝાકીર હુસેન અને ડૉ. અબ્દુલ કલામ જેવા રાષ્ટ્રપતિ મળઅયા છે. તો સામા પક્ષે ફખરુદ્દીન અલી અહેમદ અને જ્ઞાની ઝૈલસિંહ કે પ્રતિભા પાટીલ જેવાં નામો પણ છે જેમના વિશે કંઈ પોઝિટિવ ઓપિનિયન અપાવો તે અંતરાત્માને છેતરવા જેવું લાગે. ફખરુદ્દીન અલી અહમદ પાસે સંજય ગાંધીએ કટોકટીના આદેશ પર દાદાગીરીથી સહી કરાવી હોવાનું કહેવાય છે. જ્ઞાની ઝૈલસિંહ તો જરૂર પડે તો ઈંદિરા ગાંધીના ઘરમાં કચરા પોતું કરવા તૈયાર હોવાનું જાહેર કરી ચૂક્યા હતા અને પ્રતિભા પાટીલ એમની પસંદગી બદલ સોનિયા ગાંધીનાં ઓશિંગણ હતાં એટલું જ નહીં, એમની આજ્ઞાનું પાલન કરવાના ભાગ રુપે જ એમને એ પદ સ્વીકાર્યું હતું. રાષ્ટ્રપતિ એ કોઈ મજાક મશ્કરી થઈ શકે એવું પદ ન હોવું જોઈએ. કમનસીબે શક્તિસંપન્ન નેતાઓ પછી પછી તે ઈંદિરા ગાંધી હોય કે નરેન્દ્ર મોદી - આ પદની ગરિમાને અનુરુપ પ્રતિભાશાળી નેતાનએ એ પદ માટે પસંદ કરી શક્યા નથી. સોનિયા ગાંધીએ કોંગ્રેસના સર્વાધિક પ્રતિભાવંત નેતા કે જેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર થવા લાઈન ક્લિયર કરી દીધી હતી. પ્રણવ મુખર્જી એક પ્રતિભાવંત રાષ્ટ્રપતિ પુરવાર થયા પરંતુ એમની વડાપ્રધાન બનવાની મંશા તો મનની મનનાં જ રહી ગઈ હતી. એપીજે અબ્દુલ કલામે પદની ગરિમાને બાજુએ મૂકીને પોતાનું શિક્ષણપણું જ સાચવ્યું હતું. અડવાણી જેવા વરિષ્ઠ નેતાએ રાષ્ટ્રપતિ બનવું જ હોય - પણ મોદી કે જે એમના જ રાજકીય વારસ છે તે એમને ઓબ્લાઈઝ કરવા તૈયાર નહોતા થયા. આશા રાખીએ કે નવા રાષ્ટ્રપતિ તરીકે વિશિષ્ટ પ્રતિભા અને સ્વતંત્ર વિચારસરણી ધરાવતા મહાનુભાવ પર સર્વસમંતિથી કળશ ઢોળાય. મોદીજી અને સોનિયાજી બેઉને અનુકૂળ રહે એવા કાશ્મીરના પૂર્વ રાજવી અને વિચારક ડૉ. કરણસિંહ આવા શ્રેષ્ઠ ઉમેદવાર લેખાશે !

# મોઢાનાં સ્વાસ્થ્યને અસર કરતી હાનિકારક આદતો




**ભાગ : ૩**

**ટંગ થ્રસ્ટીંગ**

ગયા અંકમાં આપણે અંગૂઠો / આંગળી ચૂંસવાની આદતત અને તેનાથી થતા નુકશાન અંગે માહિતી મેળવી. આજે આપણે 'ટંગ થ્રસ્ટીંગ આદત' વિશે જાણકારી મેળવીએ.



નામ મુજબ જ આ આદતમાં બાળક જીભ ને દાંત વચ્ચે લાવ્યા કરે છે. સામાન્યતઃ બાળકનાં જન્મબાદ નવજાત શિશુ આ રીતે જ ખોરાક ગળતો હોય છે. પરંતુ જો આ આદત આગળ જતા પણ અકબંધ રહે તો તે ઓપનબાઈટ (ઉપર - નીચે દાંત વચ્ચે જગ્યા રહેતી) અને દાંત આગળ આવવા જેવી સમસ્યા થઈ શકે છે.

ટંગ થ્રસ્ટીંગ ખોરાક ચાવતી વખતે, બોલચાલમાં પણ જોઈ શકાય છે.

● ટંગ થ્રસ્ટીંગ

હેબિચ્યુઅલ : વાંકાચૂકા દાંતની સારવાર કર્યા બાદ પણ આદત અકબંધ રહેવી.

ફંકશનલ - આદતથી ટેવાઈ જવાના કારણે

એનાટમિક - વ્યક્તિની જીભની સાઈઝ મોટી હોવાના લીધે અથવા જીભની પોઝીશનના કારણે આદત રહેવી.

● ટંગ થ્રસ્ટીંગના કારણો :

- વારસાગત કારણો સિવાય આ આદત બાળપણની કેટલીક ખોટી ટેવો જેમ કે -

o લાંબા ગાળાનાં ઈન્ફેકશન (શ્વસનતંત્ર અથવા કાકડામાં સોજો)

o લાંબા ગાળાની અંગૂઠો / આંગળી ચૂસવાની ટેવ

o લાંબા ગાળાનો પેઠાનો સોજો

o અયોગ્ય રીતે બોટલ વડે દૂધ પીવાની આદત,

ઘણી વાર મોટી સાઈઝની જીભ, કાકડા, કોઈ ગાંઠ વગેરે પણ કારણ હોઈ શકે.

● ટંગ થ્રસ્ટીંગનાં પ્રકાર

સિમ્પલ ટંગ થ્રસ્ટ : આ ઓછી ગંભીરતા વાળુ હોઈ શકે છે. જેમાં વ્યક્તિના પાછળનાં દાંત સામાન્ય રીતે બંધ થઈ શકે છે. ફક્ત આગળનાં દાંતમાં જ ઓપનબાઈટની સમસ્યા રહે છે.

● કોમ્પ્લેક્ષ ટંગ થ્રસ્ટ :

આ વધુ ગંભીર સમસ્યા છે. જેમાં ખોરાક ગળતી વખતે બધા જ દાંત રહે છે. અને જીભ સતત આગળ આવતી રહે છે. આ પ્રકારનાં લાંબા ગાળાનાં શ્વસનતંત્રના ઈન્ફેકશન કારણભૂત હોઈ શકે છે.

ટંગ થ્રસ્ટ આદતથી થતી આડઅસરો :

- બાળકનાં બોલવા / ખોરાક લેતા સમયે જીભ દાંત વચ્ચે દેખાવવી

- મોઢાથી શ્વાસ લેવો

- હોઠ સંપૂર્ણપણે બંધ ન થઈ શકવા

- દાંત વચ્ચે જગ્યા થવી, ઉપરનાં દાંત આગળ લાગવા

- ઓપનબાઈટ

- કેટલાક શબ્દોનાં ઉચ્ચારણમાં તકલીફ (દા.ત. 'સ', 'ઝ')

- આગળનાં દાંતથી ચાવી ન શકવું.

- લાંબો અને ચપટો ચહેરો

ટંગ થ્રસ્ટની સારવારનાં ઉપાય :

(૧) જીભને યોગ્ય સ્થાને રાખવાની એક્સરસાઈઝ શીખવવી :

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

● એકાદસી ઉપવાસ

● રામપ્રસાદ બિસ્મિલની જન્મજયંતિ, ભારતીય ક્રાંતિકારી.

### આજનું ઔષધ

● અળસીના બીજનું પાણી દરરોજ સવારે પીવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે.

### ખડખડાટ

● ટીચર : બોલ ભુરા મોટા થઈને કઈ નોકરી કરીશ?

ભૂરો : સાહેબ ગમે ઈ કરીશ પણ ટીચર નઈ બનું.

આખી જિંદગી નિશાળે કોણ જાય.

### આજનો વોટ્સએપ

● હંમેશા મહેનત કરતા રહો કાં તો જીત મળશે કાં તો જીવવાની રીત.

# દાદા ધર્માધિકારીનું જીવન અને કેટલાક સામાજિક સંદર્ભો




દાદા ધર્માધિકારી તથા તેમનું જીવન ફરી ફરી વાગોળવા જેવું છે. આજના સંદર્ભમાં દાદાનું મૂલ્યનિષ્ઠ જીવન અનેકને પ્રેરણા આપી શકે તેવું છે. વિનોબાજી દાદા માટે કહેતાઃ "દાદા ભારે પ્રેમી છે, સ્નેહમૂર્તિ છે!" વિમલા ઠકાર દાદા માટે કહેતા કે દાદાએ પોતાની મહાનતાને સામાન્યતાના આવરણમાં ઢાંકી રાખી હતી. વ્યક્તિ પોતે જ હંમેશા કેન્દ્રમાં રહે તેવા પ્રયાસો કરતા અનેક લોકો આજે વિશ્વભરમાં જોવા મળે છે. આ સ્થિતિના સંદર્ભમાં દાદા જેવું નિર્લેપ જીવન જીવનારાની સ્મૃતિ માનવતાના મૂળ ગુણોમાં આપણી શ્રદ્ધા જન્માવે છે. જૂન એ દાદાની જન્મજયંતીનો મહિનો છે.

દાદાના સંસ્મરણો વાંચીએ ત્યારે દરેક વખતે તેમના વિરાટ વ્યક્તિત્વની એક વિશેષ ખુબીના દર્શન થાય છે. (મનીષીની સ્નેહગાથાઃ યજ્ઞ પ્રકાશન) કેટલાક સામાજિક સંદર્ભોનો પણ ખ્યાલ આવે છે. દાદાનું બચપણ મહારાષ્ટ્રમાં તાપી નદીના મૂળ પાસે આવેલા વતનના ગામમાં પસાર થયું. આજની આપણી સ્થિતિના સંદર્ભમાં દાદાનું બાળપણ જે રીતે પસાર થયું તે તદ્દન ભિન્ન લાગે છે. બાળકોને ભણાવવા માટે કે તેમનો સમગ્રપણે વિકાસ થાય તે માટેની એક અલગ વ્યવસ્થા નજરે પડે છે. જેની સામાજિક સ્વીકૃતિ પણ છે. આ સ્થિતિની તુલના કરતા જોઈએ તો આજે બાળકોના ઉછેરના સંદર્ભમાં ઘણી સમસ્યાઓ કે મુંઝવણનો અનુભવ ઘણાં લોકો કરતા હોય છે. બાળપણથી જ બાળક માટે ખર્ચાળ શિક્ષણની વ્યવસ્થા કરવાનો બોજ લઈને અનેક દંપતીઓ જીવે છે. દરેકની સ્થિતિ આ ખર્ચાળ વ્યવસ્થાને પહોંચી શકે તેવી નથી હોતી. પરંતુ દેખાદેખી કે ગતાનુગતિકતાને કારણે બાળકોને કુમળી વયે આ અસ્વસ્થ કરે તેવી પ્રણાલીનો ભાગ બને છે. આ પ્રકારની વર્તમાન સ્થિતિ સામે દાદાનું બાળપણનું જીવન જોતા તે સમયની આ અલગ વ્યવસ્થાનું ચિત્ર બાળકોના ઉછેરના સંદર્ભમાં જોવા મળે છે. આ સ્થિતિ દેશના મોટા ભાગના વિસ્તારોમાં પણ મહદંશે અસ્તિત્વમાં હતી.

દાદા પોતાની બાળપણની સ્મૃતિને ઢંઢોળતાં કહે છે કે ઘરનો એક ભાગ હોય તે રીતે જ બે વ્યવસ્થા જોવા મળતી. એક અખાડો અને બીજું ગણેશજીનું મંદિર. અખાડા કે નાની વ્યાયામશાળાના કારણે શરીરને ઉપયોગી તેવી પ્રવૃત્તિ કરવામાં પણ બાળકો મોટેરાઓનું સહજ અનુકરણ કરતા. આજના સંદર્ભમાં વિચારીએ તો દુનિયાભરના દેશોમાં શારીરિક સ્થૂળતા(ઓબેસિટી) તથા લાઈફસ્ટાઈલ ડિસીઝનો વિકટ પ્રશ્ન છે. જે રીતે આપણે જીવન જીવીએ છીએ તેની સીધી અસર બાળકો પર પડે છે. ઘરનાં મોટા ભાગના સભ્યો મોડી રાત સુધી ટીવી બોક્સ કે હવે તો મોબાઈલ ફોન સ્કીન સામે જોઈને બેસી રહેતા હોય તો બાળકો પર તેની સીધી અસર થાય છે. મોબાઈલ કે ટીવીની અનિવાર્યતા સ્વીકારીએ તો પણ તેના વપરાશમાં સારાનરસાનો વિવેક લગભગ ચુકી જવાયો છે. આપણે ત્યાં જેવી અખાડાની વ્યવસ્થા હતી તેને આજના સંદર્ભમાં ફરી ન લાવી શકાય તો પણ શારીરિક સુદૃઢતા માટે વિશેષ કરીને બાળકોના સંદર્ભમાં કંઈક કરવાની તાતી જરૂરિયાત છે. વિશ્વયોગ દિવસની સુંદર ગતિવિધિઓ એક દિવસમાં સમેટાઈ ન જવી જોઈએ. ગણેશજીના મંદિરનો પણ એક વ્યાપક સંદર્ભ છે. જીવનમાં પ્રાર્થના કે અધ્યાત્મના અંકુર બાળકોમાં ઉગવા જોઈએ. તેને કોઈ ધર્મવિશેષ કે પધ્ધતિ સાથે સંબંધ ઓછો છે. પધ્ધતિ કે સ્થળ ભલે ભિન્ન હોય પરંતુ હેતુ તો બાળકના જીવનમાં સંસ્કાર કે અધ્યાત્મભાવનું સિંચન કરવાનો હોવો જોઈએ. આ પણ શિક્ષણનો એક મહત્વનો હિસ્સો છે. ગાંધીજીનો પ્રાર્થનાની અનિવાર્યતાનો નિર્દેશ આ વાતનો ત્વરિત સંદર્ભ છે. ક્રાંતદ્રષ્ટા સ્વામી વિવેકાનંદનો શારીરિક શક્તિ કેળવવાનો આગ્રહ પણ આ વાતની જ પરિપૂર્તિ સમાન છે. સવાલ એ છે કે આપણે આ બાબતમાં કેટલા અંશે જાગૃત અને સક્રિય છીએ. દાદાના માતા નિયમિત ગીતાપાઠ કરે તેમજ કીર્તન ગાય તેની પણ એક ઊંડી છાપ દાદાના બાળમાનસ પર પડી હતી. પરંતુ તે સમયની સઘળી વ્યવસ્થાઓ સારી જ હતી તેમ કહીએ તો એ વિધાન ઉચિત ગણાશે નહિ. આ બધી સારી બાબતો વચ્ચે પણ દાદાના બાળપણમાં બે વાત તેમને સતત ખટકતી રહેતી હતી. કીર્તન ભજનના ગામમાં થતાં કાર્યક્રમોમાં બધી જ કોમના લોકોને ભાગ લેવાની મનાઈ હતી. આજે પણ એક યા બીજા સ્વરૂપે આવો ભેદભાવ દેખીતી રીતે કે કૃત્રિમ આવરણો હેઠળ થતો જોવા મળે છે. તેને લગતા કિસ્સાઓ વર્તમાનપત્રોમાં છપાય છે. જન્મના આધારે માણસ માણસ વચ્ચેની આ કૃત્રિમ ખાઈ નેસ્તાનાબૂદ કરવાના આપણાં સંકલ્પોની સતત સમીક્ષા થતી રહેવી જોઈએ. આ પ્રકારના ભેદભાવ સાથે સ્વસ્થ સમાજની રચના કદી થઈ શકે નહિ. માત્ર કાયદાથી માણસ પરિવર્તન થઈ જશે તેમ માનવું ઉચિત નથી.

દાદા ધર્માધિકારીનું જીવન એ સામાજિક ક્ષેત્રોમાં સેવાના ભાવથી કાર્ય કરતા તમામ લોકો માટે માર્ગદર્શક છે. આ પ્રકારના માનવીય ગુણોનો વિકાસ થાય તેવી સામાજિક તથા શૈક્ષણિક માળખાની જરૂરિયાત આજે અનેકગણી વધારે લાગે છે. ઉપરાંત સત્તામાં રહ્યા સિવાય સમાજ સેવાની વૃત્તિ ઘણી ઓછી થઈ છે. જે પણ આજનો એક વિકટ પ્રશ્ન છે. સક્રિય તથા જાગૃત એવા સામાજિક નેતૃત્વનો અભાવ આજે અનેક પ્રસંગોમાં જોવા મળે છે. સમાજ તથા સરકાર વચ્ચે એક કડીરૂપ વ્યવસ્થા ઉભી કરવાનો પ્રયાસ દાદા જેવા સર્વોદય કાર્યકર્તાઓએ નિષ્ઠાથી કર્યો હતો. સત્તાના મોહમાં તેઓ પડ્યા ન હતા. આવી એક કેડરની ખોટ આજે વિશેષ દેખાય છે. દાદા કે રવિશંકર મહારાજ જેવા તેજસ્વી સિતારાઓ આવી વ્યવસ્થાના જ ભાગરૂપ હતા. ગાંધી વિનોબાના મશાલચી દાદા ૧૯૮૫ના ડિસેમ્બરમાં ચિરવિદાય થયા દાદાની સૂચના મુજબ પવનાર આશ્રમમાં જ તેમના અંતિમ સંસ્કાર થયા. આજે આ સ્થળે કેવળ નારિયેરનું એક ઝાડ ઉન્નત શિરે ઉભું છે. દાદાની સ્મૃતિને તેમજ તેમના યોગદાનને વંદન છે.

# એક કોલમ...એક વરસ...અવિરત સફર...




ગત વરસે સરકારી નોકરીની નિવૃત્તિ પછીના નવમા દિવસે એટલે કે નવમી જૂને "ગાંધીનગર સમાચાર "ના અધિપતિ કૃષ્ણકાંત જહા સાહેબને મળવાનું થયું..ઘણા સમયથી એમનો પ્રેમાગ્રહ હતો કે મારે એમના અખબારમાં કોલમ લખવી..કોઈને કોઈ કારણોસર આ બાબત ચરિતાર્થ થતી ન હતી..એમાં મુખ્ય કારણ મારી અતિ વ્યસ્તતા હતી.."હવે તો નિવૃત્તિની નિરાંત છે..શરૂ કરી જ દો.." અને એમના ભરોસે શરૂ થઈ દર શનિવારે કોલમ "સંવેદનનું સ્ટેટસ "..એની આજે વર્ષગાંઠ છે...લખવાનો અનુભવ ખાસ્સો હતો..કોલમ છૂટક છૂટક લખેલી પણ આ રીતે અનવરત દર અઠવાડિયે કોઈ વિષય લઈ લખતા રહેવું એ મારા માટે નવી વાત હતી..એમાં પણ ફરીથી સરકારી સેવામાં જોડાવાની ઘટના બની એટલે એ વધારે પડકારરૂપ બન્યું..આમછતાં માનનીય જહા સાહેબની પ્રેરણા અને વિશ્વાસ થકી લખાતું રહયું એ મારી ઉપલબ્ધિ છે..સાહિત્યના બીજા સ્વરૂપોમાં કામ કરવું અને કોલમ લખવી એમાં ઘણો ફરક છે..

સાહિત્યમાં અને લેખનમાં પણ ફેશનની માફક અવનવાં સ્વરૂપો આકાર લેતાં હોય છે..અખબારી લેખનમાં કોલમલેખન સમયના બદલાવ સાથે આવ્યું અને આજે તો એની બોલબાલા છે..કોલમનું ગુજરાતી શરૂઆતમાં સ્તંભ થતું અને સ્તંભાલેખન એટલે કોલમરાઈટીંગ..એ પછી એ કટારલેખન તરીકે પ્રચલિત બન્યું..અખબારોની પૂર્તિઓ એ એનું પિયર છે તો સામયિકોના વિભાગો એનું મોસાળ ગણી શકાય..

ગુજરાતીમાં એનું નામાભિધાન કતાર હતું.પણ વ્યવહારમાં પ્રચલિત થયું કટાર..! કટાર એટલે નાનકડી તલવાર એવો અર્થ થાય છે..લેખનના પ્રકાર માટે કટાર જેવો હિંસક શબ્દ કોણે આપ્યો હશે ? જાણવું રસપ્રદ રહેશે...એના લેખકને કટારલેખક કહેવાય છે...પ્રકાશ ન. શાહ જેવા શબ્દના જાદુગર એને કતારચી કહે છે..! કટાર એ લેખ નથી..નિબંધ પણ નથી કે અહેવાલ પણ નથી..આમ છતાં આ બધાની ઝલક એમાં હોય છે..એનાં શિર્ષકો એ એનાં મુગટ જેવાં હોય છે..એનું કદ તંત્રીની કે અખબારની જરૂરિયાત મુજબ રાખી શકાય છે..એના અંતે ચોટદાર પંકિત કે અવતરણ મુકવાનો એક નવો સિલસિલો પણ શરૂ થયો છે..હવે તો કોલમના લોગો અને લેખકના ફોટા અને પરિચય પણ મુકાય છે.

આજકાલ તો એમાં કાવ્યપંકિતય,વાર્તાતત્વ અને નાટકીય અંશોનો સમાવેશ પણ થાય છે..હમણાં એક સફળ ગુજરાતી કોલમલેખકે હળવા સૂરમાં કહયું કે કટારલેખન એ ગુજરાતી થાળી જેવું છે...જેમાં એકાદ બે શાક હોય..કઠોળ હોય..સ્વીટ હોય..ફરસાણ હોય..અચાર હોય..રોટલી તો હોય જ. દાળભાત ફરજિયાત હોય અને છેલ્લે છાસનો અનુપ્રાશ હોય !

કોલમ રસપ્રદ હોવી જોઈએ એ એની પ્રાથમિક જરૂરિયાત છે.એ દૈનિક ઓછી હોય છે..અઠવાડિક લગભગ હોય છે... કેટલીક આગંતુક જેવી પણ હોય છે..અમુક કોલમો વરસો સુધી એક જ જગ્યાએ એક જ પેજ ઉપર એક જ ડિઝાઈન સાથે ચાલતી રહે છે..વાચકોને અમુક કોલમોનું જાણે વ્યસન થઈ જાય છે..એક જમાનામાં વાસુદેવ મહેતાની કોલમ "રાજકારણના રંગ " અનેક વાચકો માટે અનિવાર્ય હતી..કાન્તિ ભટ્ટની જાણકારી અને જનરલ નોલેજથી તરબતરો કોલમો અનેક અખબાર અને સામયિકો માટે ફરજિયાત બની જતી..

શરૂઆતમાં સાહિત્યિક સ્તંભો ચાલતા..પછી હાસ્યની કોલમ,સામાન્ય જ્ઞાનની કોલમ, અને હવે અનેકવિધ પ્રકારની એટલેકે રમતગમત, રસોઈકળા, કે ફીટનેસ કે કારકીર્દી અંગેની કટારો પણ ડોકાય છે..(કે ભોંકાય છે ?!) ગુજરાતી ભાષામાં હાસ્ય રસની કોલમો બહુ મર્યાદિત છે..આમછતાં બકુલ ત્રિપાઠી જેવા હાસ્યલેખકે સળંગ ચાર દાયકા સુધી લગભગ નિયમિત હાસ્યની કોલમ લખી એ કે તારક મહેતાની "દુનિયાની આંખે ઉંધા ચશ્માં 'જેવા ચમત્કારો પણ છે...યાસીન દલાલની વૈચારિક કોલમ પણ વરસોથી ચાલતી રહી છે.

આપણી ભાષામાં ચંદ્રકાંત બક્ષી એ સૌથી લોકપ્રિય કોલમિસ્ટ ગણાય છે..જેમણે કોલમલેખનને એક ઉંચાઈ આપી..બક્ષીબાબુની ' વાતાયન' અને 'સ્પીડબ્રેકર' કોલમોના લાખો વાચકો હતા..ભૂપત વડોદરિયાની "ઘરેબાહિરે " કે "આચમન" એક અઠંગ અભ્યાસી પત્રકારની સાથે સાહિત્યિક સ્પર્શ ધરાવતી કોલમો હતી..મોહમ્મદ માંકડની "કેલિડોસ્કોપ " કોલમના વાચકો અગણિત છે.કેટલાય દાયકાઓ થયા એમની કોલમને જાણે થાક લાગ્યો નથી ! એમની કોલમ કોઈપણ સાહિત્યિક કૃતિથી કમ નથી હોતી..

એક જમાનો હતો કે સાહિત્યકારો કોલમને અછૂત ગણતા હવે લગભગ બધા એને પ્રેમ કરે છે ! કેટલાક તો કોલમ લખીને જ લેખક બન્યા છે..કોલમમાં આર્થિક વળતર સારું હોય છે..વાચકો વિપુલમાત્રામાં મળે છે..હવે તો લેખકના ફોટા સાથે અવનવા લોગો અને ઓળખ સાથે એની સજાવટ થાય છે..આજના વાચકોને રૂચિ અને સજ્જતા જોતાં આજે કટારલેખન કરવું ખરેખર પડકારરૂપ કામ છે...સોશ્યલ મિડિયા ,ફેસબૂક કે વોટસેપ ઉપર પણ કોલમનાં ડિજિટલ સ્વરૂપો ઝળકે છે..આજનો વાચક ટૂંકું અને યથાર્થ હોય એવું લખાણ પસંદ કરે છે..સુંદર તસવીરો કે પૂરી જાણકારી સાથેની વિગતો ઘણીવાર એને વધારે રસપ્રદ બનાવે છે..સામાન્ય રીતે કોઈપણ નવા લેખકને શરૂઆતમાં કોલમ લખવી એટલે જાણે ડાબા હાથનો ખેલ એવું લાગતું હોય છે..પરંતુ એકાદ બે કે દસ બાર લેખો પછી ભલભલાનું પાણી ઉતરી જતું હોય છે ! વિષય વૈવિધ્ય..શૈલી અને નવી જાણકારી એનો પ્રાણ છે..કોલમ એ ટૂંકાક્ષરી નથી એમ એ દીર્ઘસૂત્રી પણ ના હોઈ શકે..લેખન કૌશલ્યની તમામ તરકીબોની જાણકારી એના લેખનમાં જરૂરી છે..એ સાહિત્યિક હોવા છતાં એના લેખકને સાહિત્યકાર ગણવામાં આવતા નથી એ પણ એક આશ્ચર્ય છે..!

આજના લોકપ્રિય કોલમ લેખકોમાં જય વસાવડા..ભવેન કચ્છી..અશોક દવે..ગુણવંત શાહ..અજય ઉમટ..વિષ્ણુ પંડ્યા જેવા કોલમનવેશોના લાખો વાચકો છે...કટારની દુનિયામાં પણ લટાર મારવા જેવી છે...! આપણે પણ આ કતારમાં એક વરસ પુરૂં કરી આગેકદમ કરવાનો સંકલ્પ રાખી એને સજાવતા રહીએ છીએ..આખરે તો વાચકોને પ્રેમ અને સ્વીકૃતિ જ એનો સાચો પુરસ્કાર હોય છે..!